(૨)

ક્રમાંક: ૧/૭/૨૦૦૯-આઈઆર
ભારત સરકાર
કર્મચારીવર્ગ, જાહેર ફરિયાદો અને પેન્શન મંત્રાલય
કર્મચારીવર્ગ અને તાલીમ વિભાગ

નોર્થ બ્લોક, નવી દિલ્હી
તા. ૧ લી જુન, ૨૦૦૯.

**કચેરી યાદી**

વિષય: ગોવા ખાતેની મુંબઈ હાઈકોર્ટનો માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ માહિતીને લગતી બાબતમાં ડો. સેલ્સા પિન્ટો વિરૂધ્ધ ગોવા રાજ્ય માહિતી આયોગના કિસ્સામાં ૨૦૦૭ની રીટ પિટિશન નં. ૪૧૯ પરનો તા. ૩/૪/૨૦૦૮નો નિર્ણય.

---

નીચે સહી કરનાર આજ્ઞાનુસાર જણાવે છે કે ગોવા ખાતેની મુંબઈ હાઈકોર્ટે તા. ૩/૪/૨૦૦૮ના રોજ ઉપર જણાવેલ કિસ્સામાં જણાવેલ છે કે માહિતીના અધિકાર અધિનિયમમાં વ્યાખ્યા કર્યા મુજબ "માહિતી" શબ્દમાં "શા માટે" પ્રકારના પ્રશ્નોના જવાબોનો સમાવેશ થતો નથી. ચુકાદાનો લાગુ પડતો ભાગ નીચે ફરી જણાવેલ છે :

" માહિતીની વ્યાખ્યાના ફલકમાં "શા માટે" પ્રશ્નના જવાબોનો સમાવેશ થતો નથી જે જવાબો કોઈ બાબતની ઉચિતતા અંગેના કારણ પૂછવા બરાબરની બાબત થશે. ઉચિતતા સંદર્ભે અમુક બાબતો શા માટે કરવામાં આવી કે ન કરવામાં આવી તે જણાવવાનું, જાહેર માહિતી અધિકારીઓ પાસેથી અપેક્ષા રાખી શકાય નહિ કારણકે નાગરિક માહિતી માંગે છે. ઉચિતપણું ન્યાય નિર્ણય કરનાર સત્તાધિકારીઓની સત્તામાં આવે છે અને તેને માહિતી તરીકે યોગ્ય રીતે વર્ગીકૃત કરી શકાય નહિ."

૨. આ બાબત તમામ સંબંધિતોના ધ્યાને લાવવી.

(કે. જી. વર્મા)
નિયામક
ટેલી. ૨૩૦૯૨૧૫૮

૧. ભારત સરકારના તમામ મંત્રાલયો/વિભાગો.
૨. સંઘ જાહેર સેવા આયોગ/લોકસભા સચિવાલય/રાજ્યસભા સચિવાલય/મંત્રીમંડળ સચિવાલય/કેન્દ્રિય તકેદારી આયોગ/રાષ્ટ્રપતિનું સચિવાલય/ઉપરાષ્ટ્રપતિનું સચિવાલય/વડાપ્રધાનની કચેરી/આયોજન પંચ/ચૂંટણી પંચ.
૩. કેન્દ્રિય માહિતી આયોગ/રાજ્ય માહિતી આયોગો.
૪. સ્ટાફ સીલેક્શન કમિશન, સીજીઓ કોમ્પલેક્ષ, નવી દિલ્હી.
૫. કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયાની કચેરી, ૧૦, બહાદુરશાહ ઝફર માર્ગ, નવી દિલ્હી.
૬. તમામ અધિકારીઓ/મેજ/વિભાગો, ડીઓપી એન્ડ ટી અને પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ.

૨૬૩૪
૨/૧૦/૦૯

નકલ રવાના:
તમામ રાજ્યો/સંઘપ્રદેશોના મુખ્યસચિવશ્રીઓ.